Vol. 6, Issue: 11, November: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

# ડૉ. કેશુભાઈ દેસાઈ નારી વિષયક નવલિકાઓમાં નારી વન–દર્શન

ડૉ. ભરતભાઈ એ. ચૌધરી
આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કુતિયાણા જિ. પોરબંદર

'ભૂરી ભૂરી આંખો નવલિકામાં ડૉ.કેશુભાઈ દેસાઈ એ સમજુબા નામની નારીની વ્યથા–કથાને નિરૂપી છે. વાર્તાનું વસ્તુ આ પ્રકારનું રહયું છે. સમજુબાને યુવાનવયે લગ્નપૂર્વે દિગુભા નામના યુવાન સાથે પ્રણય સંબંધ હોય છે પરંતુ સમજુબાના લગ્ન દોલતસંગ સાથે થાય છે. સમજુબા લગ્નની સુહાગરાતે પ્રણયનો એકરાર પ્રસ્તાવરૂપે પતિ દોલતસંગને કરે છે. દોલતસંગ ઉદાર હ્રદય રાખી તેને માફ કરે છે. પરંતુ તે બાબતે ભૂલી શકાતો નથી. પત્નીથી સાત–સાત વર્ષ જુદા જ ઊંઘે છે. સમજુબા વ્યથિત રહેતાં તેને આત્મહત્યા કરવાનો પણ વિચાર આવે છે. વાર્તાન્તે દોલતસંગ સમજુબાનો પૂર્વ પ્રણય સંબંધનો સ્વીકાર કરી પત્નીની ભૂરી–ભૂરી આંખોમાં ખોવાઈ જાય છે. લેખકે અહીં સમજુબા, પતિ દોલતસંગ અને પ્રેમી દિગુભા જેવા પાત્રોનું આલેખન કર્યુ છે. સમજુબા નારી હ્રદયની વિતક કથા સુપેરે પ્રગટ કરી છે.

'ઘોડે સવાર વાર્તામાં લેખકે ઘોટલબા નામની નારીની જિંદગીના સંઘર્ષો અને પડકારોને ઝીલ્યા છે. સ્ત્રીના વનની સમસ્યા, તેના ભાવ સંવેદનો કલાત્મક રીતે નિરૂપાયાં છે ઘોટલબા નામની યુવતી પ્રેમલગ્ન કરે છે. બે પુત્રોની માતા બને છે પછીથી પતિનું મૃત્યુ થતાં પુત્રોના ઉછેરની જવાબદારી ઘોટલબાના માથે આવી પડે છે. મોટો દીકરો ભગત જેવો બની જાય છે પરંતુ નાનો દીકરો હરચન પિતા અને નાના–સામત ભીખાની જાગીર અને આબરૂ સાચવે છે. પ્રૌઢાવસ્થામાં પહોંચેલી ઘોટલબા હરચન–દીકરાનું મૃત્યુ પણ જુએ ત્યારે નારીહ્રદયની વ્યથા અનેકગણી વધી જાય છે. લેખકે વાર્તામાં જાગીરદાર સામત ભીખાની દીકરી ઘોટલનો ઉછેર, પ્રેમલગ્ન, રંડાપો, સંતાન ઉછેરની જવાબદારી વિવિધ લોકવાયકા વગેરે દ્વારા નારી વનના સંઘર્ષોનું આલેખન કર્યુ છે. વાર્તામાં ઘોટલબા, પિતા સામત ભીખા, પતિ વાનો પુત્ર હરચન, ભગતનું ચરિત્રાંકન થયું છે. વાર્તામાં નારીસંઘર્ષનું નિરૂપણ કેન્દ્રસ્થાને રહયું છે.

'ભીની તિરાડ નવલિકામાં વાર્તાકારે રાણુ નામની સ્ત્રીની સંતાનપ્રાપ્તિ અંગેની ચિંતા ને તેનું સમાધાન–રસ્તો શોધવાની મથામણ સુપેરે પ્રગટ કરી છે. વાર્તામાં રાણુ નામની યુવતીને શિવા માસ્તર સાથે સાત–સાત વર્ષથી લગ્ન થયાં છતાં સંતાનસુખ પ્રાપ્ત થતું નથી. તેથી રાણુનું નારીહ્રદય અનેક પ્રકારની યાતના–પીડા અનુભવે છે. પરંતુ એક દિવસ રાણુનો પતિ શિવા માસ્તરને નિશાળેથી ઘરે આવવાનું મોડું થાય છે અને બી બાજુ રાણુનો બાળગોઠિયો વો આવે છે. તે રાણુને ત્યાં રાતવાસો કરે છે. વો અને રાણુ રાત્રે એકલા હોય તેથી સંતાન પ્રાપ્તિની લાલચે રાણુ વાનું પડખું સેવે છે. પરંતુ રાણુનો પતિ એ જ સમયે આવી બારીની તિરાડમાંથી આ શ્ય નિહાળે છે. ત્યાં વાર્તા પૂર્ણ થાય છે. લેખકે વાર્તામાં નારી હ્રદય અને માનસની વ્યથા–કથાને સુપેરે કંડારી છે.

'ચોથું ઈનામ વાર્તામાં ડૉ.કેશુભાઈ દેસાઈએ નિમ્ન વર્ગની સ્ત્રીઓની અવદશાનો આલેખ આપ્યો છે. વાર્તાનાં પ્રારંભે એક બાળક નિરાશી શેઠ એવા મિરચૂમલ અને તેની સગર્ભા પતિને અઢી લાખની લોટરી લાગી એવા સમાચાર આપે છે. મિરચૂમલ પોતાની આદત પ્રમાણે જુગાર–દારૂની મોજ–મસ્તી માણે છે. સગર્ભા પત્નીની કશી જ ચિંતા કરતો નથી. વધુ રૂપિયાવાળા થવા મિરચૂમલ અઢીલાખની લોટરીની ટિકિટ પણ દાવમાં મૂકી દે છે. સુખી થવાનું સ્વપ્ન સેવતી પત્ની વ્યથિત થઈ જાય છે. બી તરફ બાળકીનો જન્મ થાય છે. તા જન્મેલી બાળકીને જોઈને પત્નીને એક રાત્રે પતિ દ્વારા જમાદાર સબૂરખાન સાથે જાતિયસુખ કમને ભોગવવું પડેલું તે યાદ આવે છે. આમ, લેખકે જુગારી ને શરાબી પતિ દ્વારા પત્નીની બીજા પુરુષો દ્વારા સતામણી, વેશ્યાવૃત્તિ, નિમ્ન વર્ગની આર્થિક પરિસ્થિતિ ને સ્ત્રીઓનું શોષણાદિનું આલેખન કરાયેલું છે.

'વિધવા વાર્તામાં પ્રેયસી–સૃષ્ટિની મનોવ્યથાનું લેખકે દર્શન કરાવ્યું છે. વાર્તા નાયિકા સૃષ્ટિ અને રાજન દેસાઈ પરસ્પર પ્રેમી છે. અપરણિત છે. સમાજ વિરૂધ્ધ સૃષ્ટિને રાજન દેસાઈ પ્રેમિકાનો દરજ્જો આપી શકતો નથી. બંને અલગ ઘરમાં રહે

છે. છતાં તેને એક મીનળ નામની પુત્રી પણ છે. પછીથી રાજન દેસાઈનું નશામાં કાર અકસ્માત થતાં મૃત્યુ થાય છે. જેની એક વર્ષ પછીની એક યાદરૂપે વાર્તા ગૂંથાઈ છે. જે નાયિકાના મુખે કહેવાઈ છે. રાજન દેસાઈના મૃત્યુ પછી તે વિધવા બને છે. પરસ્પરના સંબંધને કારણે સમાજમાં સૃષ્ટિને સંઘર્ષમય જિંદગી વવી પડે છે. પુરુષ વગરની સ્ત્રીની જિંદગીની વાસ્તવિકતાને લેખકે નાયિકા સૃષ્ટિ દ્વારા પ્રસ્તુત કરી છે. વાર્તામાં સૃષ્ટિ, રાજન, પુત્રી મીનળ, મિત્ર, શીલા આન્ટી વગેરે પાત્રોનું આલેખન થયેલું છે. સમાજ, સ્ત્રી અને પ્રેમ વાર્તામાં નિરૂપાયાં છે.

'બેવફા વાર્તામાં લેખકે બેવફા પત્નીની વ્યથાને નિરૂપી છે. વાર્તા નાયિકા જયોત્સના પતિની હાજરીમાં બેવફાઈ આદરે છે. અન્ય સુધિર નામના પુરુષ સાથે આડા સંબંધો ધરાવે છે. પતિ જાણતો હોવા છતાં આંખ આડા કાન કરે છે. પત્નીની ખુશી માટે તે સુધિરના બાબાને મેડિકલમાં પ્રવેશ માટેના પ્રયત્નો કરે છે. અકસ્માતમાં નાયિકાનો પતિ મૃત્યુ પામે છે. જયોત્સના વિધવા બન્યા પછી પતિની સાચી ઓળખ–યાદ રૂપે અવતરે છે. જે વ્યથારૂપે કહેવાય છે. લેખકે અહીં વાર્તાનાયકના પાત્રને સવિશેષ ઉઠાવ આપ્યો છે. જયારે ખલનાયક તરીકે જયોત્સનાનો પ્રેમી સુધિર ચિત્રિત થયો છે. વિધવા પછી જયોત્સનામાં સુધારો આવે છે. પરંતુ, તે પોકળ બને છે. લેખકે જયોત્સનાના પાત્ર દ્વારા બેવફા પત્નીનું ચિત્રણ કર્યું છે.

'કુરબાની વાર્તામાં લેખકે નારીના મહાન સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. વાર્તામાં નાયિકા ચંદ્રિકા, તેનો પતિ જોરૂભા, દિયર જિલુભાઈ અને નળંદ વીણા તરણેતરનાં મેળામાં જાય છે. ત્યાંથી પાછા વળતાં રસ્તો ભૂલે છે. ખોટા રસ્તે ચાર સંધિ ડાકુ તેને ઘેરી લે છે અને વીણા અથવા ચંદ્રિકાની માગણી કરે છે. ચંદ્રિકા વીણાને બચાવવા તે ડાકુને સમર્પિત થાય છે. પછીથી ચંદ્રિકા ઉર્ફે શરીફાને કલકત્તાના વેશ્યાલયમાં દિયર જિલુભાઈ સાથે મેળાપ થાય છે. ત્યારે પણ ચંદ્રિકા પરિવારના સમાચાર મેળવે છે. જિલુભાઈ વીણાને સારું સાસરૂ મળ્યાનું જણાવે છે. જ્યારે ભાભીની આ હાલત જોઈ જિલુભાઈ અસહય વ્યથા અનુભવે છે. ત્યાં કાસમ નામનો માણસ ચંદ્રિકા ઉર્ફે શરીફા માટે વેશ્યાલયમાં બીજો ઘરાક લાવે છે ત્યાં વાર્તાનો અંત આવે છે. અહીં લેખકે ચંદ્રિકાનાં પાત્ર દ્વારા નારીનો વટ, વહેવાર અને સમર્પણની માર્મિક વાર્તા નિરૂપી છે. વાર્તા ફ્લેશબેક પધ્ધતિથી રજૂ કરાય છે.

'સરપ્રાઈઝ વાર્તામાં લેખકે એક યુવતીની પ્રેમકથા નિરૂપી છે. જેમાં ઋચા નામની યુવતી પોતાનાં કોલે યન સહાધ્યાયી કૃણાલને ચાહે છે. પરંતુ ઋચાનો પરિવાર એક અમેરિકામાં વસતા યુવક કંદર્પ સાથે લગ્ન કરાવવા માંગે છે. કૃણાલ અને ઋચા બંને અમેરિકાના યુવક કંદર્પ સાથેની ઓફર ઠુકરાવવા માટે એક 'સરપ્રાઈઝ યુક્તિ ઘડે છે. યુવક અમેરિકાથી અમદાવાદ ઋચાને જોવા–મળવા આવે છે. ઋચા તેને 'રિસીવ કરવા એરપોર્ટ પર જાય છે. ત્યાં સરપ્રાઈઝ આઈટમ ઋચા પહેલાં કંદર્પને રાખડી બાંધી દે છે. અમેરિકન છોકરો ડઘાઈ જાય છે. ત્યાં વાર્તા સમાપ્ત થાય છે. વિષયવસ્તુ નાવિનયપૂર્ણ છે, લગ્ન ન કરવા માટેની વિશિષ્ટ યુક્તિ, સંવાદકળા, સાંપ્રત યુવક–યુવતિઓની મથામણ વગેરે બાબતો વાર્તામાં નોંધનીય રહી છે.

'સુપર્ણા વાર્તામાં લેખકે એક શિક્ષિત ગ્રામ્ય યુવતીની કથા આલેખી છે. સુપર્ણા ઉર્ફે સંતોક અને કોલેજના અધ્યાપક સાથે પરસ્પર પ્રણયાંકુર ફૂટે છે. મોટાભાગે પ્રેમ અવ્યક્ત કરે છે. પ્રાધ્યાપક પરણિત છે. સુપર્ણા સંતોકના લગ્ન તેમાંથી પાંચ વર્ષ નાનાં છોકરા સાથે સાટા પધ્ધતિથી થાય છે. શિક્ષિત યુવતી હોવા છતાં પોતાના સમાજના રીતરિવાજ મુજબ લગ્ન કરવા પડે છે. તેની વ્યથા નાયિકા અનુભવે છે. જ્યારે પ્રેમી અધ્યાપકને ચાહવા છતાં તે લગ્ન કરી શકતી નથી, લેખક અહીં પ્રેમનાં વિશિષ્ટ રૂપને કલાત્મક રીતે વાર્તામાં કંડારી બતાવ્યો છે. વાર્તામાં સુરબાળા, સંતોકનો બાપ વગેરે પાત્રોનું આલેખન થયું છે. ગ્રામ્ય–શહેરી વાતાવરણનું સંમિશ્રણ સાથે નારીની સ્થિતિનું સુપેરે આલેખન થયું છે.

'ભુવા વાર્તામાં ડૉ.કેશુભાઈ દેસાઈએ નારીની વિશિષ્ટ સંવેદના અને પ્રેમભાવનું નિરૂપણ કર્યું છે. વાર્તામાં ભુવા નામની સ્ત્રી વાર્તાનાયકની પત્નીનું સ્થાન પામી શકતી નથી. અર્થાત્ પ્રેયસી રૂપે બહેન બનીને સમગ્ર વન કુંવારા રહીને પ્રિયતમના કુટુંબની સેવા–ચાકરી કરે છે. પોતાના ભાઈના મૃત્યુ પછી પણ નાયિકા–ભુવા ભાઈની પત્ની અને બાળકોને પ્રેમથી સંભાળે છે. સગીબહેન કરતાં પણ સવાયું વન વે છે. વાર્તાન્તે નાયકના બાપુ અને ભુવાનો પ્રારંભિક પ્રેમ સાથે રહેવાના ઓરતા અને પછી રાખડી બાંધીને બહેન–ભાઈનાં સંબંધથી વન વ્યતીત કરે છે.

શ્રી હરીશ મંગલમ્‌નાં શબ્દોમાં : ''ભાઈ–બહેનનાં પવિત્ર પ્રેમને લેખકે એની પરાકાષ્ટાએ પહોંચાડયો છે. સર્વત્ર ભાઈ–બહેનનો પ્રેમ ધૂપસળીની મહેંકની જેમ મઘમઘી રહે છે. પ્રણયનાં ઊર્ધ્વીકરણની મર્માળીકથા હોવાનો અભિપ્રાય આપે છે. સમગ્ર વાર્તા વાર્તાનાયક–પ્રકાશનાં મુખેથી ફલેશબેક પધ્ધતિથી કહેવાઈ છે.

'નનામી લાંબી વાર્તામાં લેખકે સુલોચના નામની યુવતી પોતાના પાલક માતા પિતાની સંભાળ લેવા આ વન કુંવારી રહી વન સમર્પણ કરે છે. વાર્તાનાયિકાની માતા હયાત નથી. પિતા મુખ્યમંત્રી છે તેઓ પણ મૃત્યુ પામે છે પછીથી વાર્તા ફલેશબેક પધ્ધતિથી રજૂ થયેલી છે. વાર્તા નાયિકા સુલોચના પોતાનો ભૂતકાળ વાગોળે છે. માતા–પિતાનો હઠાગ્રહ છતાં તે પરણતી નથી. માતા–પિતાના મૃત્યુ પછી સુલોચનાને માતા–પિતાની ઈચ્છા પૂર્ણ ન કરવા બદલ દુઃખી થાય છે. લેખકે સુલોચનાને માતા–પિતાને ખાતર વન સમર્પિત કરનાર દીકરી તરીકે ચિત્રિત કરી છે. વાર્તાની નિરૂપણરીતિ લંબાણને કારણે શિથિલ બને છે. છતાં ફલેશબેક પધ્ધતિ, વાતાવરણ,વર્ણનકળા વગેરેમાં નોંધપાત્ર વિશિષ્ટતા રહી છે. અહીં લેખકે દીકરીનાં સ્વરૂપ તરીકે નારી–દર્શન કરાવ્યું છે.

' વાદોરી વાર્તામાં ડૉ.કેશુભાઈ દેસાઈએ વાર્તાનાયિકા વત નામની સ્ત્રીની કરૂણકથા નિરૂપી છે. વત નામની સ્ત્રી કોદરસંગની પત્ની છે. તેની આર્થિક પરિસ્થિતિ ઘણી જ નબળી છે. કોદરસંથગ ચુનિલાલ શેઠને ત્યાં ડ્રાઈવરની નોકરી કરે છે. ઓછા પગારમાં માંડ–માંડ ગુજરાન ચલાવે છે. વત પતિથી છાના–માનાં બેંક મેનેજરને ત્યાં કામવાળી તરીકે કામ કરે છે. વત પોતાના પતિ માટે પ્રાઈવેટ ટ્રક લેવાનું વિચારે છે. લોન માટે બેંક મેનેજરને કહે છે, લોન મળે છે પરંતુ બદલામાં વતનું શારીરિક શોષણ થાય છે. વત પોતાનું શિયળ વેચીને પતિ કોદરસંગ માટે ઘરમાં ટ્રક લઈ આવે છે. ગરીબ લોકોની શ્રીમંત લોકો કેવી મજબૂરીનો લાભ લઈને જાતીય શોષણ કરે છે તથા આર્થિક સ્થિતિ સુધારવા વત જેવી સ્ત્રી જાતને વેચવા લાચાર બને છે એ સામાજિક વાસ્તવને લેખકે સુપેરે પ્રગટ કર્યું છે.

ડૉ.કેશુભાઈ દેસાઈએ 'રાજમાતા વાર્તામાં નારી વનનો ઉચ્ચ આદર્શ ઉષ્માના પાત્ર દ્વારા પ્રસ્તુત કર્યો છે. વાર્તામાં ઉષ્મા નિમ્ન વર્ગની યુવતી અને કુંવર સાહેબ સાથે પ્રેમલગ્ન કરે છે. સંજોગોવસાત્‌ પતિ કુંવરસાહેબનું અકસ્માતમાં મૃત્યુ થાય છે. અકસ્માત થવાનું કાવતરુ ઉષ્માનું હોવાનું કુંવર સાહેબનો પરિવાર માને છે. અકસ્માત તપાસનો કેસ કથાનાયક પોલીસ અફસરને સોંપાય છે. પોલીસ અફસર સગર્ભા ઉષ્માને મળે છે. તેની મહાનતાનો પરિચય મેળવે છે. ઉષ્મા કુંવરસાહેબના બાળકના સહારે આખું વન વ્યતિત કરવા જણાવે છે. પોલીસ અફસર ઉષ્માથી આકર્ષિત થાય છે. પરંતુ પોતાની લાગણીને હૃદયમાં છુપાવી રાખે છે. વાર્તામાં પોલીસ અફસરનું પાત્ર નાયક તરીકે સંવેદનશીલ અધિકારી સત્ય–શોધક તરીકે ચિત્રિત થયું છે. જયારે ઉષ્માનું પાત્ર લાજવાબ પ્રેયસી તરીકે, પત્ની તરીકે અને માતા–રાજમાતા તરીકે આદર્શ બન્યું છે. શ્રી હરીશ મંગલમ્‌ 'રાજમાતા વાર્તાને '' 'એક ગિરિકન્યાની સુરમ્ય સમર્પણગાથા પ્રણયના ઊર્ધ્વીકરણની કથા ર તરીકે આલેખે છે. ટૂંકમાં ઉષ્માના પાત્ર દ્વારા લેખક એક આદર્શ નારીનું દર્શન કરાવ્યું છે.

'મનખો વાર્તામાં ડૉ.કેશુભાઈ દેસાઈએ નાયિકા જશીના પાત્ર દ્વારા અસ્પૃશ્યતાનો પ્રશ્ન અને માનવ વનની વાસ્તવિકતાને આલેખી છે. નાયિકા જશી પોતાના આયખામાં બે–બે લગ્ન કરવા છતાં લગ્ન વન અને સંતાન સુખ ભોગવી શકતી નથી. જશી પથારીમાં પડી છે. તેને ઊંઘ આવતી નથી. તેનો પતિ અને સંતાનોની ચેષ્ટા જોતાં ભૂતકાળ યાદ આવે છે. પ્રથમ લગ્ન–ઘરની યાદ આવે છે. પહેલા લગ્નના પાંચ વર્ષ દરમિયાન જશી સંતાન સુખથી વંચિત રહે છે. કારણકે પતિ નપુંસક હતો. સસરો પોતાની સાથે અવૈધ સંબંધ જોડાવાની વૃત્તિ ધરાવતો હતો. ચારિત્ર્યશીલ જશી આબરૂભેર ત્યાંથી છૂટાછેડા લે છે. જશીની માતા બીજો મૂરતિયો અમલદાર શોધે છે. જે વિધૂર અને બે સંતાનોના પિતા છે. ત્યાં સંતાન પ્રાપ્તિની જશી ઈચ્છા રાખે છે. પરંતુ અમલદારે નશબંધીનું ઓપરેશન કરાવ્યાની જાણ થતાં તે દુઃખી થાય છે. વધુમાં જશીની અમલદારનાં ઘરમાં પારકી સ્ત્રી તરીકેની ગણના થાય છે. અહીં સમાજમાં ને પરિવારમાં થતી અવગણના દ્વારા જશીની મનોવ્યથા વ્યકત થયેલી છે. વાર્તાની માંડણી, સરળને સીધી છે. ગ્રામ્ય બોલી અને પરિવેશનું સુપેરે આયોજન થયેલું છે. નિમ્ન વર્ગમાં નારીની અવદશાનું આલેખન–દર્શન લેખક જશી દ્વારા કરાવીને 'મનખો વાર્તાને સફળ બનાવી છે.

'દુકાળ વાર્તામાં લેખકે નારી વનની વિટંબણા ને વ્યથા કંડારી છે. દુકાળગ્રસ્ત સ્થિતિમાં નાયિકા રૂખી અને તેનો પતિ ભીખો મજૂરીની શોધમાં શહેરમાં આવે છે. શહેરમાં બિમારીથી ભીખાનું મૃત્યુ થાય છે. ભરયુવાનીમાં રૂખી વિધવા બને છે. પરંતુ હિંમતભેર મજૂરી કરીને બાળકોનો ઉછેર કરી ગુજરાન ચલાવે છે. મોટી પુત્રી ગલબીના લગ્ન કરે છે. પછીથી

વરસાદ આવતાં નદીનાં પૂરમાં રૂખીના જમાઈનું અવસાન થાય છે. ગલબી પણ ભરયુવાનીમાં વિધવા બને છે. રૂખી કરૂણ વિલાપ કરે છે. દીકરીના ઘરે જવા માટે પુરુષની તેને જરૂર જણાય છે. પોતાની સાથે વિવાહનાં સપનાં જોતાં નાન જમાદારને જમાઈના મૃત્યુના સમાચાર અંગે જણાવી, સાથે આવવા જણાવે છે. વરવા તેની સાથે જાય છે. ત્યાં વાર્તા સમાપ્ત થાય છે. વાર્તામાં ગ્રામ્ય સંઘર્ષશીલ નારી તરીકે રૂખીનું ચરિત્રાંકન થયેલું છે. લેખકે નાન જમાદાર અને વરવા નું પણ સુપેરે ચરિત્રાંકન કર્યુ છે. ‘દુકાળ વાર્તામાં રૂખીના નારી વનની દુર્દશાને લેખકે હ્રદયવેધક રીતે રજૂ કરી છે.

‘ધારિયું વાર્તામાં લેખકે વિધવા નારી રેશમની બિમારી–કેન્સરની ગાંઠ અને શિક્ષિત પુત્ર ધન ની અણસમજથી માતાનું ખૂન વગેરે બાબતને આલેખી છે. કોલેજીયન ધન વિધવા માતાના ગર્ભાશયમાં કેન્સરની ગાંઠને જોઈને પેટમાં કોઈકનું પાપ (બાળક) હોવાનું માની લઈને તેનું ખૂન કરે છે. પછીથી ડૉક્ટરી તપાસ દ્વારા સાચી હકીકતની જાણ થતાં ધન ને ભૂલ સમજાય છે. વાર્તામાં ધન ની મનોવ્યથા અને માતાનું દુઃખ સુપેરે પ્રગટ થયા છે.

‘માયા નવલિકામાં ડૉ.કેશુભાઈ દેસાઈએ માતૃત્વનું દર્શન નિરૂપ્યું છે. વાર્તામાં મહાસતી વિનયપ્રભા ભકતજનોની લાગણીનું સન્માન કરી શરીરની નશ્વરતા સમજાવી વિહાર કરવા નીકળે છે. રસ્તામાં આમલીનાં વૃક્ષ નીચે વિસામો લે છે. ત્યાં છાતીએ વળગાડેલા મૃત્યુ પામેલ બચ્ચાવાળી વાંદરીને વિલાપ કરતી નિહાળે છે. આવું માતૃવત્સલ શ્ય જોઈને મહાસતી ને પોતાનો ભૂતકાળ યાદ આવે છે. જેમાં પોતે કુંવારી માતા બનેલી અને તેનાં બાળકને બીજા કોઈ વ્યક્તિએ દત્તક લીધેલ, પછીથી તેણે સંન્યાશ ધારણ કર્યો હતો. મૃતક બચ્ચાવાળી વાંદરીને એક ગોવાળ ત્યાંથી ભગાડે છે. જેનું મહાસતીને દુઃખ થાય છે. લેખકે અહીં વાંદરીના માતૃત્વનું મહાસતીના માતૃત્વ સાથે અનુસંધાન કરીને માતૃત્વનું દર્શન કરાવ્યું છે. લેખકે મહાસતીને ધાર્મિક સાધ્વી સાથે માતા તરીકેનું આલેખન–દર્શન કરાવ્યું છે.

‘છપ્પર પગી વાર્તામાં નપુંસક પતિની આત્મહત્યાનો આરોપ નિર્દોષ પત્ની અનુરાધા ઉપર આવે છે. પરિણામે નારીવ્યથા સુપેરે પ્રગટ થઈ છે. નાયક અમીતનાં લગ્ન અનુરાધા સાથે થાય છે. લગ્નની પ્રથમ રાત્રિએ અનુરાધા કોઈ પહેલ કર્યા વિના સૂઈ જાય છે. અમિત શાંતિ અનુભવે છે. છતાં નપુંસકતાથી પીડાય છે. પછીથી પત્ર દ્વારા માફી માગી પોતાનું વન ટૂંકાવી દે છે. બધા અનુરાધાને અમિતની આત્મહત્યાનું કારણ ગણાવે છે. બધા જ લોકો મનમાં અનુરાધાને છપ્પરપગી માને છે. વાર્તામાં અમિતનું મનોમંથન નાયિકા અનુરાધાની વેદના સુપેરે પ્રગટ થઈ છે. અહીં નિર્દોષ નારી અનુરાધાનું સમાજમાં થતી અવહેલના એ દ્વારા અનુરાધાનું દુઃખદ સ્ત્રી તરીકેનું દર્શન થયેલું છે.

‘ડલા વાર્તામાં લેખકે પ્રણય નિમિત્તે સ્ત્રીનું જાતિય–શોષણ સુપેરે આલેખી બતાવ્યું છે. વાર્તાનાયિકા ડલાને ભોગીલાલ સાથે અને ભોગીલાલની બહેન રમીલાને ડલાના ભાઈ રાણા સાથે પ્રણય સંબંધ છે. રાણો રમીલાને લઈને ભાગી જતાં બંને પરિવારમાં વેરઝેર ઊભાં થાય છે. સમાધાનનાં ઉદ્દેશથી ડલા નાયક ભોગીલાલને પોતાના ઘરે બોલાવે છે. પરંતુ રાણાના લોહીનો તરસ્યો ભોગીલાલ સાગરીતો સાથે રાત્રે ડલાને ત્યાં આવી, પાશવી બળાત્કાર ગુજારે છે. પ્રેમ નિમિત્તે ડલા સામૂહિક બળાત્કારનો ભોગ બને છે. પસ્તાવારૂપે ભોગીલાલ ઝેર પીને આપઘાત કરે, બી તરફ ડલા પણ આત્મહત્યા કરી લે છે. વાર્તામાં લેખકે ડલાનાં ચરિત્ર દ્વારા પ્રણયનાં ઓઠાતળે થતું નારીનું જાતિય શોષણ, આલેખી બતાવ્યું છે. નાયક ભોગીલાલ ખલનાયક તરીકે ચિત્રિત થાય છે. ઉપરાંત રાણો,રમીલા, ડલાની , બાપા વગેરે ગૌણ પાત્રોનું આલેખન થયું છે. વસ્તુ નવીનતાપૂર્ણ અને રજૂઆતકલા સચોટ રહી છે. વાર્તાનો અંત ચોટદાર અને કલાત્મક રહયો છે.

‘મગનું નામ વાર્તામાં લેખકે નારી વનનાં ઉચ્ચ આદર્શનું દર્શન કરાવ્યું છે. વાર્તામાં નાયિકા શકરી ઠાકોરના નોકર હરચનની રાંડેલી વહુ છે. દીકરી સવલી ખાતર બીજું ઘર કરતી નથી. સવલી ઠાકોરના કુંવર સાથે પ્રણયથી જોડાય છે. સવલી સગર્ભા બને છે. કુંવર નોકરી માટે મુંબઈ જતો રહે છે. ઠાકોરને આ વાતની જાણ થતાં ઠાકોર શકરી અને સવલીને બોલાવી ગુનેગારનું નામ જાણવા પ્રયત્ન કરે છે. પરંતુ શકરી નામ આપતી નથી. મગનું નામ મરી પાડતી નથી. ઠાકોર બંને મા–દીકરીને ‘ભડાકે ઉડાડી દઈશ એવી ધમકી આપે છે. વાર્તાન્તે શકરી મુસીબતે સાચી હકીકત ઠાકોરનાં કુંવરનું નામ જણાવે છે. ઠાકોરનાં ગુનેગારનું નામ કુંવર જાણી પોતાની જ બંદૂકથી આત્મહત્યા કરે છે. અહીં લેખકે શકરી અને સવલીના ઉચ્ચ આદર્શના પાત્રોનું દર્શન કરાવ્યું છે. વાર્તાનો અંત સચોટ રહ્યો છે. ભાષાશૈલી અને નિરૂપણશૈલી કળાપૂર્ણ રહી છે.પ્રસ્તુત વાર્તામાં લેખક નાયિકા શકરી ઠાકોરની આબરૂ સાચવે છે અને નારી વનનો આદર્શ રજૂ કરે છે.

'આફત  વાર્તામાં લેખકે નારી વનનું સમર્પણ અને એકલતાની વ્યથાનું આલેખન કર્યું છે. પ્રસ્તુત વાર્તાનું વસ્તુ સામાન્ય છે. માયાબહેન પોતાનાં માતા–પિતાનાં અવસાનને કારણે નાનાં ભાઈ–બહેનનાં ઉછેર–પાલન માટે પોતાનું વન સમર્પણ કરે છે. પરંતુ ઉંમરલાયક થતાં માયાબેનને એકલતા ડંખે છે. થોડા સમય પૂરતો નાનીબહેન અનુરાધાનો પુત્ર કેતન અભ્યાસાર્થે ગામડેથી માયાબહેનને ત્યાં રોકાય છે. તેથી માયાબહેન થોડી શાંતિનો અહેસાસ કરે છે. તેમને કેતન સાથે આત્મીયતા બંધાય છે. પરંતુ ફરી કેતનને તેનાં પપ્પા ગામડે ભણવા બોલાવી જાય છે પરિણામે માયાબહેનના  વનમાં એકલતા આવે છે. અને જિંદગી શુષ્ક અને નિરસ બનતી જણાય છે. લેખકે વાર્તામાં પરિવારના સભ્યોની જવાબદારી અર્થે  વન સમર્પણ કરતી સ્ત્રીનું દર્શન કરાવ્યું છે.

'લાહવો  વાર્તામાં ડૉ.કેશુભાઈ દેસાઈએ નારીનાં ભગ્ન પ્રણયની મૂંગી વ્યથાને વર્ણવી છે. વાર્તા નાયિકા પ્રેયસી અને નાયક મુનિશ્રી શ્રેયસાગર મહારાજ બંને વચ્ચે પૂર્વાશ્રમમાં પ્રણય હતો. મુનિશ્રીનું નામ ચેતન જેઠાલાલ શાહ હતું. હાલ મુનિશ્રીનો કેશલોચન વિધિ સમારોહ છે. કેશને વધાવવા નગરશેઠ લક્ષ્મીચંદ ઊંચી બોલી બોલે છે. તેથી પુત્ર શ્રીપાલચંદ અને તેની પત્ની પ્રેયસીને મહારાજશ્રીનાં ચૂંટેલા કેશને ઝીલવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. વસ્તુ ફલેશબેક પધ્ધતિથી પ્રસ્તુત થાય છે. પ્રેયસીને ચેતન ઉર્ફે શ્રેયસાગરને પરણવું હતું પરંતુ શ્રીપાલચંદ સાથે પરણવું પડે છે. ચેતન પોતાનાં બધાજ મોજશોખ ત્ય જૈન સન્યાશ ગ્રહણ કરે છે. પૂર્વપ્રેમીનો કેશ ઝીલવામાં પ્રેયસી રાણીને અનેક પ્રકારની વ્યથા અનુભવે છે. ક્ષણિક મુનિશ્રીને પણ વિટંબણા થાય છે. લેખક જૈન ધર્મના રીતિ–રિવાજ સાથે નારીનો મૂંગો પ્રેમ સુપેરે પ્રગટ કર્યો છે.

'ઝરમરતા ચહેરા  વાર્તામાં લેખકે સંતાન વિહોણી સ્ત્રીનાં માતૃત્વની વેદના પ્રસ્તુત  કરી છે. વાર્તામાં કથાનાયકથી નાયિકા બકુ પુત્ર પ્રાપ્તિની ઝંખના રાખે છે. બંનેના લગ્ન જુદાં જુદાં પાત્રો સાથે થાય છે. બકુ બીજા પુરુષને પરણે છે. જ્યારે નાયક પણ બી  સ્ત્રીને પરણી જાય છે. બકુને પુત્ર થાય છે. પરંતુ પતિથી એ પુત્ર શશાંકનો ચહેરો બિલકુલ કથાનાયકને મળતો આવે છે. અકસ્માતે મૃત્યુ પામેલો શશાંકનો ફોટો છાપામાં આવે છે. જે કથાનાયકની સંતાનવિહોણી પત્ની જુએ છે. તેને પોતાનાં પતિ જેવો જ લાગે છે. એ બાબતે ઉભયમાં વ્યથા–ચિંતન જોવા મળે છે. કથાનાયિકા બકુ અને નાયકની પત્નીના સ્ત્રી પાત્રો પરસ્પર એકરૂપ બનતા જણાય છે. વાર્તામાં નારીદર્શનનો નિર્દેશ કરતા ડૉ.દીપક પટેલ જણાવે છે કે, '' સંતાનવિહોણી સ્ત્રીનાં માતૃત્વની વેદના હૃદય વિદારક બની રહે છે. માતાનું કૌણ્ય ઘેરા રંગે રંગાઈ ગયેલું છે.
આમ, લેખકે આ વાર્તામાં માતૃત્વપ્રેમ અને પ્રણયવૈફલ્ય સુપેરે પ્રસ્તુત કર્યું છે.

'રંડાપો  વાર્તામાં લેખકે વિધવા નારીના મનોભાવોને વિશિષ્ટ રીતે વ્યકત કર્યા છે. વાર્તાનાયિકા કેતકીના પતિ ભટ્ટ સાહેબ મૃત્યુ પામ્યા છે. મૃત્યુના બાર દિવસે કેતકી પોતાનો ભૂતકાળ વાગોળે છે. ભટ્ટ સાહેબને હોસ્પિટલમાં રાત્રે બાયપાસ સર્જરી કરવાની હતી. બીજે દિવસે ઓપરેશન હતું. આગલી રાત્રે ભટ્ટ સાહેબ કેતકીને સહશયન કરવાની  દ પકડે છે. કેતકી પતિની બિમારીને કારણે વિરોધ કરે છે. બીજા દિવસે ઓપરેશન નિષ્ફળ થતાં ભટ્ટ સાહેબનું મૃત્યુ થાય છે. ભટ્ટ સાહેબની છેલ્લી ઈચ્છા અતૃપ્ત રહી, એનો અફસોસ કેતકી વાગોળે છે. ભટ્ટ સાહેબની પ્રથમ પત્ની–કેતકીને સ્વપ્નમાં દેખાય છે. કેતકી બી  પત્ની હતી. વાર્તામાં લેખકે કેતકીને ધર્મપરાયણ પતિવ્રતા નારી તરીકે ચિત્રિત કરી છે.

'જાગૃતિ ઊંઘી ગઈ છે  વાર્તામાં લેખકે પુત્રપ્રેમી સમાજમાં થતી નારીની અવહેલના એ નિમિત્તે નારી સંવેદનાને વર્ણવી છે. વાર્તાનાયિકા જાગૃતિ બે સંતાનોની માતા છે. એક પુત્ર અને એક પુત્રી. પુત્ર પાંચ વર્ષે મૃત્યુ પામે છે. પછીથી જાગૃતિને ગર્ભાશયમાં તકલીફ હોવાથી સંતાન પ્રાપ્ત થઈ શકે તેમ નથી. તેથી જાગૃતિના પતિના બીજા લગ્ન કરવામાં આવે છે. દીકરા વગર જાગૃતિની પરિવાર–સમાજમાં અવગણના થાય છે. કથાંતે જાગૃતિ શિક્ષિકા હોય, દીકરીને લઈને એકલી સ્વમાનભેર પોતાનો  વનનિર્વાહ ચલાવે છે. વાર્તામાં શિક્ષિત સમાજમાં દીકરા વગરની પુત્રવધૂની કેવી હાલત થાય છે. એનું જાગૃતિના પાત્ર દ્વારા દર્શન કરાવ્યું છે.

'ગુલમહોરનું મોત  વાર્તામાં વાર્તાકાર વૃક્ષપ્રેમી નારીનું દર્શન કરાવ્યું છે. વાર્તાનાયકનાં ઘર–આંગણે ગુલમહોરનું ઝાડ છે. ત્યાં કોયલ આવી ટહૂકે છે. પરંતુ અચાનક ગુલમહોર સુકાવા લાગે છે. વાર્તાનાયકની પુત્રી પુષિતાને ગુલમહોર પ્રત્યે અગાઢ પ્રેમ છે. તેને ભૂતકાળ યાદ આવે છે. બાજુમાં રહેતા ભાભી ગુલમહોરના ફૂલોનો ગજરો બનાવતા તેનાં પપ્પાને જન્મદિવસની ભેટ ધરતા વગેરે યાદ આવે છે. પરંતુ ગુલમહોરનાં સુકાવાથી–મરી જવાથી નાયિકા પુષિતાનો પતિ મૃત્યુ

પામ્યો હોય એવી વેદના અનુભૂતિ થાય છે. આમ, સર્જકે પુષિતાના પાત્ર દ્વારા સમાજમાં વૃક્ષ પ્રત્યેની પ્રીતિનું દર્શન કરાવ્યું છે.

'ઉપેક્ષિતા ડૉ.કેશુભાઈ દેસાઈએ 'ઉપેક્ષિતા વાર્તામાં પુરુષ દ્વારા બી પત્નીની અવગણના એ પણ વર્ગ જાતિભેદને કારણે રજૂ કરેલી છે. વાર્તામાં કથાનાયક પત્રકાર છે. તે રેશમા અને વાઘેલા સાહેબ સાથે એક સમારંભમાં જાય છે. પરંતુ બી પત્ની પ્રત્યે વાઘેલા સાહેબ ધૃણા અનુભવે છે. ખરેખર બી પત્ની વાઘેલા સાહેબની પ્રથમ મૃત પત્નીની દીકરી રેશમાનો ઉછેર કરે છે. પરંતુ બી પત્ની બક્ષીપંચ–કોળી જ્ઞાતિની હોય, તેથી દુઃખ રેશમાની માસીને અનેકગણું છે જ. સાથે–સાથે નાયક એવા પત્રકારને પણ થાય છે.

ટૂંકમાં, જ્ઞાતિભેદને કારણે નારી ઘણીવાર ઉપેક્ષિત બને છે. આ વાત વાર્તામાં રજૂ કરી છે. ડૉ.કેશુભાઈ દેસાઈની સમગ્ર નવલિકાઓમાં નારીનું વૈવિધ્યસભર દર્શન થયેલું છે. નારીવિષયક આ નવલિકાઓમાં નારીનાં વિવિધ સ્વરૂપો માતા, પત્ની, પ્રેમિકા, બહેન વગેરેનું આલેખન થયેલું છે. આ વાર્તાઓ દ્વારા નારી વનનાં સંઘર્ષો, સંવેદનાઓ ઉપરાંત નારીચેતના અને જાગૃતિનું દર્શન કરાવ્યું છે.

**સંદર્ભ સૂચિ**

૧.દેસાઈ, કેશુભાઈ 'વનરાવન,લેખ : 'વનરાવનની હૃદયકથાઓ, હરીશ મંગલમ્, પ્રથમ આવૃત્તિઃ ૧૯૯૯, ૧૭૭
૨. દેસાઈ, કેશુભાઈ'વનરાવન,લેખ : 'વનરાવનની હૃદયકથાઓ , હરીશ મંગલમ્, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૯
૩. દેસાઈ 'કેશુભાઈ વાર્તા વિશેષ , સંપાદક : ડૉ.દીપક પટેલ, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦
૪. એજન, ૨૦૧૦ પૃ. ૨૮
૫. પાઠક,રમણલાલ 'ડૉ.કેશુભાઈ દેસાઈની નવ નવલકથાઓ : આસ્વાદાત્મક અધ્યયન,પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫